આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૫૦ | ૨૦ નવેમ્બર, ૨૦૧૨, મંગળવાર; કારતક સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગર અને દિલ્હીમાં દાવેદારોનાં ધામા

## સંશય અને સ્વપ્નો સાથે ત્રણે પક્ષના દાવેદારોની દોડધામ : ભાજપ અને પરિવર્તન પાર્ટીના ટિકીટવાંચ્છુઓ ગાંધીનગરમાં, કોંગ્રેસના ટિકીટવાંચ્છુઓના દિલ્હીમાં ધામા

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થતાં જ સંશય અને સ્વપ્નાઓ સાથે ટિકિટ વાંચ્છુઓથી ગાંધીનગર અને નવી દિલ્હીના દરબારો ઉભરાઈ રહ્યા છે.

ગાંધીનગરમાં ભાજપ અને પરિવર્તન પાર્ટીના ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા ચાલી રહી છે તો નવી દિલ્હીમાં કોંગ્રેસના ઉમેદવારોની પસંદગી માટેની પ્રક્રિયા ચાલી રહી છે. આ ત્રણેય પક્ષોમાં ટિકિટ મેળવવા માટે ટિકિટ વાંચ્છુઓ દ્વારા જોરદાર લોબિંગ ચાલી રહ્યું છે.

બંને પક્ષો દ્વારા ૨૧મીએ પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ઉમેદવારોની યાદી જાહેર થશે તેવા રાજકીય નિર્દેશોને પગલે ટિકિટ વાંચ્છુઓ તેમનું એડીચોટીનું જોર લગાવી રહ્યા છે.

ગાંધીનગરમાં પણ ભાજપની પાર્લામેન્ટરી બોર્ડની મેરેથોન બેઠક ચાલી રહી છે અને આજે સાંજે ભાજપના આગેવાનો યાદી લઈ દિલ્હી જવા રવાના થશે.

પરિવર્તન પાર્ટી પણ ઉમેદવારોની પસંદગીની કવાયતમાં વ્યસ્ત થઈ ગઈ છે. પરિવર્તન પાર્ટી અને સદભાવના મંચ વચ્ચે આ ચૂંટણીને લઈ વાતચીતોનો દોર ચાલી રહ્યો છે. પરિવર્તન પાર્ટીના સુપ્રીમો પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ અને સદ્ભાવના મંચના શ્રી કનુભાઈ કલસરિયા વચ્ચે બે કલાકથી પણ વધુ સમય સુધી બંધ બારણે બેઠક ચાલી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાની પાંચ બેઠક માટે આઠ નિરીક્ષકો નિમાયા

## કાયદો-વ્યવસ્થા માટે એક નિરીક્ષકની પ્રથમ વાર નિમણૂંક કરાઈ આચાર સંહિતા માટે પાંચ નિરીક્ષકો નિમાયા : ખર્ચ નિયંત્રણ માટે બે નિરીક્ષકો : તંત્ર દ્વારા પણ તડામાર તૈયારીઓ આરંભી દેવાઈ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની ચૂંટણી માટે આચારસંહિતાના અમલ માટે પાંચ અને કાયદો તેમજ વ્યવસ્થા માટે એક એમ વધુ કુલ છ નિરીક્ષકોની નિમણુંક ચૂંટણી પંચે કરી છે. આ નિરીક્ષકો આ સપ્તાહને અંતે ગાંધીનગર આવી પહોંચશે.

વિધાનસભાની ચૂંટણીને ધ્યાને રાખી પંચે જિલ્લામાં બે ખર્ચ નિયંત્રણ અંગે બે નિરીક્ષકોની નિમણૂંક ગઈકાલે કરી હતી અને હવે આચારસંહિતા તેમજ કાયદો અને વ્યવસ્થાના એક મળી કુલ ૮ નિરીક્ષકોની નિમણુંક કરવામાં આવી છે.

પંચ દ્વારા નિયુક્ત થયેલા આ નિરીક્ષકો આ સપ્તાહના અંતમાં અથવા તો આગામી સપ્તાહના આરંભે ગાંધીનગર આવી પહોંચી અને તેમની કાર્યવાહીનો આરંભ કરશે.

આચારસંહિતાના અમલ માટે નિમાયેલા પાંચ નિરીક્ષકોમાં દહેગામ માટે એન. નાગામ્બીકાદેવી, ગાંધીનગર દક્ષિણ માટે એ.કે. મુનપ્પાની નિમણુંક કવામાં આવી છે. આ બન્ને અધિકારીઓ કર્ણાટક રાજ્યમાંથી આવી રહ્યા છે.

ગાંધીનગર ઉત્તર બેઠક માટે હરિયાણા કેડરના શ્રી પ્રદીપ કાલનીની નિમણુંક કરવામાં આવી છે. તો માણસા બેઠક માટે રામુ મૌધવાની નિમણુંક કરાઈ છે જે મણિપુર કેડરના છે.

● અનુસંધાન પાન-૭ પર



વિધાનસભાની ચુંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટેની જિલ્લા પોલીસની સજ્જતા દર્શાવવા માટે ગાંધીનગર સે-૨૧ પોલિસ દ્વારા આજે સાંજના સુમારે શહેરના સંવેદનશીલ સહિતના તમામ વિસ્તારોમાં ફલેગ માર્ચ કરવામાં આવી હતી. આ ફલેગ માર્ચ સે-૨૧ પોલીસ ઈન્સ્પેકટર એસ.ડી.પટેલ તથા તેમની ટીમ દ્વારા ૯ સરકારી ગાડીઓ સાથે શરુ કરવામાં આવી હતી. સમગ્ર શહેરમાં ફલેગ માર્ચ કર્યા બાદ પંચદેવ મંદિર સામેથી તમામ પોલીસ અધિકારી-કર્મચારીઓ દ્વારા પોલીસ સ્ટેશન સુધીની ફુટ માર્ચ પણ કરવામાં આવી હતી. (તસવીર : વિપુલ ચૌહાણ)





